# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-06-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## વિમાન દુર્ઘટના

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 202 DNA નમૂના મેચ થયા છે. જ્યારે 159 જેટલા પાર્થિવ દેહ મૃતકોના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ જણાવ્યું કે પાંચ પરિવારો નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારવા આવશે, જ્યારે 15 પરિવારો બીજા સ્વજનના DNA મેચની રાહમાં તેમજ ત્રણ પરિવારોના ઓળખ પુરાવાની પ્રક્રિયા ચાલી રહી છે.

----------------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદ

કચ્છમાં ગઇકાલે તમામ તાલુકામાં વરસાદ પડ્યા બાદ આજે આખો દિવસ કોરો રહ્યો છે. ગઇકાલે પૂર્વ કચ્છથી લઇને પશ્ચિમ કચ્છમાં સારો એવો વરસાદ નોંધાયો હતો. અત્યાર સુધી સૌથી વધુ રાપર તાલુકામાં 142 મિલીમીટર વરસાદ નોંધાયો છે. જ્યારે અન્ય તાલુકાની વાત કરીએ તો ભચાઉમાં 77 અંજારમાં 85, ભુજમાં 75, નખત્રાણામાં 91, અબડાસામાં 55, માંડવીમાં 111, મુન્દ્રામાં 67 અને ગાંધીધામમાં 117 મિલીમીટર વરસાદ નોંધાયો છે. કચ્છમાં સૌથી ઓછો લખપત તાલુકામાં 28 મિલીમીટર વરસાદ નોંધાયો છે. અત્યાર સુધીમાં કચ્છમાં કુલ વરસાદ 84.8 મિલીમીટર વરસાદ નોંધાયો છે.

----------------------------------------------------------------------------------------

## કોરોના : આરોગ્ય વિભાગ

કચ્છમાં એક તબક્કે થોડી ચિંતા સર્જનાર કોરોના સંક્રમણની ગતિ ધીમી પડી રહી છે. આજે જિલ્લામાં એક પણ નવો કેસ ન નોંધાતાં રાહત મળી હતી. આરોગ્ય વિભાગના જણાવ્યાનુસાર છેલ્લા પાંચ દિવસમાં કોરોનાના નવા માત્ર બે જ કેસ નોંધાયા છે. તેની સામે આ સમયગાળામાં 22 લોકોનો હોમ કવોરેન્ટાઇનનો ગાળો પૂર્ણ થયો છે. આ વખતનો કોરોનાનો વેરિઅન્ટ એટલો જોખમી નથી તેવું તબીબી ક્ષેત્રના તજજ્ઞો જણાવી રહ્યા છે. ખાસ કરીને કચ્છમાં જેટલા પણ કેસ નોંધાયા તેમાં એક પણ દર્દીને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવાની જરૂર પડી નથી.  હાલ  જિલ્લામાં 12 કોરોનાના સક્રિય કેસ છે.

-------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટીને નેકની માન્યતા

કચ્છ યુનિવર્સિટીને 21 વર્ષ બાદ નેકની માન્યતા મળી છે ત્યારે આ માન્યતા મળતાં ઉચ્ચ શિક્ષણના વિકાસના નવાં દ્વાર ખૂલશે તેવો આશાવાદ વધુ પ્રબળ બન્યો છે. વર્ષ 2018થી 2023 દરમિયાન કરવામાં આવેલા વિવિધ કાર્યોનાં મૂલ્યાંકન અનુસાર ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીને નેક દ્વારા સી-ગ્રેડ સાથે માન્યતા આપવામાં આવી છે. નેકની માન્યતા મળતા હવે વિદ્યાર્થીઓની માર્કશીટમાં એક્રેડિટેટેડ લખાશે જે તેમની કારકિર્દી માટે ઉપયોગી બનશે વળી કેન્દ્ર સ્તરેથી મળતી ગ્રાન્ટમાં વધારા સાથે જે કોઇ નવી યોજના અમલમાં મુકાય તેનો લાભ મેળવી શકાશે, તો નેશનલ રેન્કિંગમા પણ કચ્છ યુનિવર્સિટી પોતાની હિસ્સેદારી નોંધાવી શકશે.

-------------------------------------------------------------------------------------

## ભાદ્રોઇ –મારીંગણા ગ્રામ પંચાયત મહિલા સમરસ

અંજાર તાલુકાની ભાદ્રોઈ ગ્રામ પંચાયત ચોથી વખત સમરસ બની છે, આ વખતે પ્રથમ વખત સરપંચ સહિત તમામ સદસ્યો તરીકે મહિલાઓની વરણી કરી મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ  ગામલોકોએ  પૂરું પાડયું છે. તો આ જ તાલુકાની મારીંગણા ગ્રામ પંચાયત બીજી વખત  મહિલા સરપંચ અને તમામ 8 વોર્ડના મહિલા સભ્ય બિનહરીફ બન્યા છે.  આ

વખતે પણ ગ્રામજનોએ સર્વસંમતિથી કોઈ પણ જાતના વિવાદ વગર ગામના સુકાની પસંદ કરવાની પરંપરાને આગળ વધારી છે.

------------------------------------------------------------------------------------------

## માંડવી નગરપાલિકા કારોબારી બેઠક

માંડવી નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં એર ઈન્ડિયાની વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા યાત્રિકો અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. માંડવી-ભુજ રોડ પર જૈન આશ્રમ પાસે 'ઓપરેશન સિંદુર'ની થીમ પર સર્કલ બનાવવામાં આવશે. નલિયા રોડ પર માંડવીની ઓળખ સમા પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક, વિજય વિલાસ પેલેસ, વહાણ, બીચ અને દાબેલીની થીમ પર સર્કલ નિર્માણ કરાશે તેવુ બેઠકમાં નક્કી કરાયું હતું.

------------------------------------------------------------------------------------------

## રાપર : યોગ દિવસની ઉજવણી

રાપર તાલુકામાં આગામી 21 જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ વર્ષે રાપર સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે યોગ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. બેઠકમાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી. પ્રાંત અધિકારી જ્યોતિબેન ગોહિલના અધ્યક્ષપદે રચાયેલી સમિતિમાં રાપર તાલુકા મામલતદાર, આરોગ્ય અધિકારી, શિક્ષણ વિભાગ, પોલીસ વિભાગ અને અન્ય વિભાગોના અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

------------------------------------------------------------------------------------------

## કચ્છ : ડેમમાં પાણી

જિલ્લામાં વરસાદના પગલે મધ્યમ કદના રાપર તાલુકાનો સુવઈ અને મુન્દ્રા તાલુકાના ગજોડ ડેમમાં નવું પાણી આવ્યું છે.. કચ્છમાં મધ્યમ કદના 20માંથી 6 ડેમ સાવ તળિયા ઝાટક

છે. સિંચાઈ વિભાગમાંથી મળેલા સત્તાવાર આંકડા અનુસાર મધ્યમ સિંચાઈના 20 ડેમની 325 મિલિયન કયુબિક મીટરની કુલ જળસંગ્રહ ક્ષમતા સામે હાલની સ્થિતિએ 89.67 મિલિયન કયુબિક મીટર પાણીનો જથ્થો સંગ્રહિત છે, જે કુલ જળસંગ્રહ શક્તિના 27 ટકા છે. જિલ્લાની નાની સિંચાઈ યોજનામાં કુલ 170માંથી લખપત તાલુકાના 17 ડેમમાં 3.87 એમસીએફટી જળ સંગ્રહ છે. ગત વર્ષે માંડવી તાલુકામાં વધુ વરસાદ પડ્યો હોવાથી હજુ નાની સિંચાઈની ઘણી બધી યોજનાઓમાં અડધાથી વધુ પાણી ભરેલું છે.

-----------------------------------------------------------------------------------------